અપીલ અરજી નં.૬ તા.૬–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી તુલસી એમ. ગોહિલ

સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી તુલસી એમ. ગોહિલની તા.૧૨–૩–૦૯ ની અરજીથી ચોક બજાર ચારાગલીમાં આવેલ વોર્ડ નં.૧૦/૨૩૨૯/૩૦ વાળી જગ્યા પર ચાલતાં બાંધકામ અંગે ગેરકાયદેસર બાંધકામ કેટલું બાંધકામનો પ્લાન પાસ થયેલ છે? કોના નામે? લાઈનદોરીની જગ્યા અને પાર્કીગની જગ્યા છોડેલ છે? વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૪–'૦૯ ની અપીલ અરજી નં.૬/૨૦૦૯–૧૦

શ્રી તુલસી એમ. ગોહિલની તા.૧૨–૩–૦૯ ની અરજીથી ચોક બજાર ચારાગલીમાં આવેલ વોર્ડ નં.૧ ૦/૨૩૨૯/૩૦ વાળી જગ્યા પર ચાલતાં બાંધકામ અંગે ગેરકાયદેસર બાંધકામ કેટલુ? બાંધકામનો પ્લાન પાસ થયેલ છે? કોના નામે? લાઈનદોરીની જગ્યા અને પાર્કીગની જગ્યા છોડેલ છે? વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ થી ૪ ના ગોળ ગોળ જવાબ તથા મુદ્દા નં.૬ ની સ્થળ ઉપર તપાસ કરી માહિતી પૂરી નહીં પાડવાના કારણસર નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮ તા.૧૭–૪–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુદ્દા નં.૬ ની સીડી કેસેટની આધાર પુરાવા કે વાજબીપણા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેરમાહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/જા./૧૨૨ તા.૪–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ આધાર પુરાવા કે વાજબીપણું રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૧૨–૩–૦૯ ની અરજીથી ચોક બજાર ચારાગલીમાં આવેલ વોર્ડ નં.૧૦/૨૩૨૯/૩૦ વાળી જગ્યા પર ચાલતાં બાંધકામ અંગે ગેરકાયદેસર બાંધકામ કેટલું? બાંધકામનો પ્લાન પાસ થયેલ છે? કોના નામે? લાઈનદોરીની જગ્યા અને પાર્કીગની જગ્યા છોડેલ છે? વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૭૪ તા.૩૧–૩–૦૯ માહિતી આપવામાં આવેલ હોવાનું જણાય છે. જે અનુસાર મુદ્દા નં.૧ અંગે પ્લાન વિરુધ્ધ પૂર્વ તથા પશ્ચિમ તરફે માર્જીનવાળા ભાગમાં ભોયતળિયું તથા ઉમાળ સુધી આરસીસી કોલમો, પશ્ચિમે ૩×૩મીટરનો ઓ.ટી.એસ પહેલા તથા બીજા માળે કવર્ડ કરવાનુ,ત્રીજા માળે પશ્ચિમ તરફે ઓપનટેરેસ તથા ઓટીએસવાળા ભાગમાં આરસીસી સ્લેબ ભરવાનુ તથા મિલ્કતની પૂર્વ પહેલા અને બીજામાળે ૧ .૮૫મીટર×૦.૯૦મીટરના બે પ્રોજેકશન તથા પશ્ચિમે પહેલા અને બીજામાળે ૩.૩૦મીટર×૦.૯૦મીટરના પ્રોજેકશન કાઢ ેલ હોવાનો તથા મુદ્દાનં.૨થી૪ અંગે અનુક્રમે પ્લાન પાસ થયેલ હોવાનો, શ્રીવાડીવાલાના નામે પ્લાન પાસ થયેલ હોવાનો તથા મિલ્કતને લાઈનદોરીની અસર થતી નહીં હોવાની માહિતી આપેલ જણાય છે. મુદ્દાનં.૬ અંગે રેકર્ડ આધારિત માહિતી આપેલ હોવાનુ જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૬ માં સીડી કેસેટના આધારે સ્થળ તપાસ કરવા જણાવેલ. જેના આધાર પુરાવા કે વાજબીપણું અરજદારે રજૂ કરેલ નથી.

આરટીઆઈ એકટની કલમ ૨ (એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તામંડળ પાસે ની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. તે ધ્યાને લેતાં સ્થળ તપાસ કરીને માહિતી આપવાની અરજદારની માંગણી જોગવાઈ સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર સીડી કેસેટની માહિતી અંગે આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે. આથી અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું નહોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી તુલસી એમ. ગોહિલ, ૯૩ રણુજાધામ સોસા., પૂણા ટુ બોમ્બે માર્કેટ રોડ, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.